મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

કાશ્મીરમાં બીજા મુદ્દા નહીં, ધર્મના આધારે મતદાન

હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર એ બે રાજ્યોનાં ચૂંટણી પરિણામ જાહેર થયાં પછી હરિયાણાની વધારે ચર્ચા છે કેમ કે હરિયાણાનાં પરિણામ અનપેક્ષિત છે. હરિયાણામાં ભાજપ હારી જશે એવી હવા બંધાયેલી છતાં ભાજપ જીતી ગયો તેના કારણે હરિયાણાનાં પરિણામ બધે ચર્ચામાં છે. ભાજપ પણ જમ્મુ અને કાશ્મીર વિશે બહુ ચર્ચા નથી કરતો ને હરિયાણાની જીતના જશ્નમાં પડ્યો છે તેથી પણ હરિયાણાની ચર્ચા વધારે છે પણ જમ્મુ અને કાશ્મીરનાં પરિણામો પણ એટલાં જ મહત્ત્વનાં છે કેમ કે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા પછી આ પહેલી ચૂંટણી હતી.

આ ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરની જનતા કલમ ૩૭૦ નાબૂદ કરાઈ તેને સમર્થન આપે છે કે નહીં એ નક્કી થશે એવું વિપક્ષો કહેતા હતા પણ આ ચૂંટણી માત્ર કલમ ૩૭૦ વિશે નહોતી ને આ ચૂંટણી કલમ ૩૭૦ પરનો જનાદેશ પણ નહોતી. તેના બદલે બીજા ઘણા મુદ્દા ચર્ચામાં હતા. ભાજપ પોતે કલમ ૩૭૦ની નાબૂદીને પોતાની સૌથી મોટી સિદ્ધિઓમાં એક માને છે પણ ભાજપે પણ માત્ર કલમ ૩૭૦ને સૌથી મોટો મુદ્દો નહોતો બનાવ્યો. તેના બદલે ભાજપે પણ વધારે ભાર નહેરુ-ગાંધી, અબ્દુલ્લા અને મુફ્તિ પરિવારના ભ્રષ્ટાચાર પર મૂક્યો હતો.

નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના નેતા પણ આ મુદ્દાને વધારે ચગાવતા હતા પણ જમ્મુ અને કાશ્મીરમાં જે પરિણામો આવ્યાં તેમાં આ બધા મુદ્દા બહુ અસરકારક રહ્યા નથી. તેના બદલે ધર્મના આધારે મતદાન થયું હોય એવું વધારે લાગે છે. જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીમાં ભાજપના જીતેલા તમામ ૨૯ ઉમેદવારો કાં હિંદુ છે કાં શીખ છે જ્યારે કૉંગ્રેસના તમામ જીતેલા ઉમેદવારો મુસ્લિમ છે.

નેશનલ કોન્ફરન્સના ૪૨ ઉમેદવારો જીત્યા તેમાંથી માત્ર ૨ હિંદુ છે જ્યારે ૪૦ મુસ્લિમ છે. પીડીપીના ત્રણેય વિજેતા ઉમેદવાર મુસ્લિમ છે. આ આંકડા કાશ્મીરમાં ધર્મના આધારે મતદાન થાય છે તેના પુરાવારૂપ છે. આમ આદમી પાર્ટીએ ખાતું ખોલાવ્યું છે અને ૧ બેઠક જીતી છે પણ તેના વિજેતા ઉમેદવાર હિંદુ છે તેના પરથી સ્પષ્ટ છે કે, આમ આદમી પાર્ટીને પણ મુસ્લિમ મતદારો સ્વીકારતા નથી.

જમ્મુ અને કાશ્મીર કાશ્મીર ખીણ અને જમ્મુ એ બે વિસ્તારોમાં વહેંચાયેલો કેન્દ્રશાસિત પ્રદેશ છે. આ પૈકી કાશ્મીર ખીણમાં મુસ્લિમોની બહુમતી છે, બલકે બીજું કોઈ ચિત્રમાં જ નથી કેમ કે કાશ્મીર ખીણમાં ૯૭ ટકા મુસ્લિમો છે. બીજી તરફ જમ્મુ વિસ્તારમાં હિંદુ અને શીખોની બહુમતી છે. જમ્મુમાં ૬૦ ટકા કરતાં વધારે વસતી હિંદુ અને શીખોની છે. જમ્મુ અને કાશ્મીરમાં જે પરિણામો આવ્યાં છે તેનું વિશ્લેષણ કરો તો સમજાય કે, ધર્મના આધારે જ મતદાન થયું છે. આ વિધાનસભા ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનને ૪૯ બેઠકો મળી છે. ગઠબંધનમાં નેશનલ કોન્ફરન્સને સૌથી વધુ ૪૨, કૉંગ્રેસને ૬ અને સીપીએમને એક બેઠક મળી છે. સરકાર રચવા માટે ૪૬ બેઠક જોઈએ એ જોતાં ઈન્ડિયા મોરચા પાસે બહુમતી છે. ભાજપે ૨૯ બેઠક જીતી છે અને છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ભાજપને ૪ બેઠકનો ફાયદો થયો છે.

ભાજપ અને ઈન્ડિયા મોરચાએ ક્યાં બેઠકો જીતી છે તેનું વિશ્લેષણ કરશો તો સમજાશે કે હિંદુ-શીખ પ્રભુત્વના વિસ્તારોમાં ભાજપનું વર્ચસ્વ છે જ્યારે મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં ભાજપને કોઈ ઘૂસવા પણ નથી દેતું. જમ્મુ અને કાશ્મીરની ૯૦ બેઠકમાંથી ૪૩ બેઠક જમ્મુમાં છે અને ૪૭ કાશ્મીર ખીણમાં છે. ભાજપે જમ્મુ ક્ષેત્રની તમામ ૪૩ બેઠક પર ચૂંટણી લડી હતી અને ૨૯ બેઠક જીતી છે. મતલબ કે, ભાજપે લગભગ ૬૫ ટકા બેઠક જીતી છે. જમ્મુ વિસ્તારમાં હિંદુ-શીખોની વસતી છે એટલી જ બેઠકો ભાજપને મળી છે. ભાજપે કાશ્મીર ખીણની ૪૭ બેઠકો પર ૨૦ ઉમેદવારો ઉભા રાખ્યા હતા પણ ભાજપનું ખાતું પણ ખૂલ્યું નથી. ભાજપે ઊભા રાખેલા મુસ્લિમ ઉમેદવાર પણ હારી ગયા છે. ગુરેઝ બેઠક તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે કે જ્યાં ફકીર મોહમ્મદ ખાનને ભાજપે ઉમેદવાર બનાવેલા. ફકીર મોહમ્મદ ૨૮ વર્ષ પહેલાં ૧૯૯૬માં ગુરેઝ બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ખાન પછી કૉંગ્રેસમાં ગયા પણ હારી ગયા હતા. આ વખતે ભાજપમાં ગયા તો ભાજપમાંથી પણ હાર્યા છે. ધર્મનો પ્રભાવ એ હદે છે કે, જમ્મુ અને કાશ્મીર ભાજપ પ્રમુખ રવિન્દર રૈના નૌશેરા બેઠક પરથી નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર સામે લગભગ ૮ હજાર મતોથી હારી ગયા કેમ કે મુસ્લિમો ભાજપ સામે એક થઈ ગયા.

નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસે મુસ્લિમ બહુમતીવાળા કાશ્મીર ખીણ વિસ્તારમાં સપાટો બોલાવ્યો છે. મુસ્લિમોના તેમના તરફના ઝૂકાવના કારણે કાશ્મીર ખીણમાં નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસનું જોડાણ પહેલેથી જ મજબૂત મનાતું હતું પણ મહેબૂબા મુફ્તિની પીડીપી તેમને ટક્કર આપશે એવું લાગતું હતું. જો કે પીડીપી સાવ ધોવાઈ ગઈ છે. નેશનલ કોન્ફરન્સે જીતેલી ૪૨ બેઠકોમાંથી ૩૫ બેઠક કાશ્મીર ખીણમાંથી જીતી છે.

કૉંગ્રેસે કુલ ૬ બેઠકો જીતી છે ને તેમાંથી ૫ બેઠક કાશ્મીર ખીણમાંથી જીતી છે. ૨૦૧૪માં નેશનસ કોન્ફરન્સ અને કૉંગ્રેસે ભેગા મળીને ૨૭ બેઠક જીતી હતી પણ આ વખતે જોડાણની બેઠકનો આંકડો બહુમતીને પાર કરી ગયો છે કેમ કે મહેબૂબા મુફ્તિએ ભાજપ સાથે જોડાણ કર્યું તેના કારણે મુસ્લિમ મતદારોએ મહેબૂબાને સાવ ધોઈ નાંખ્યાં છે. ૨૦૧૪માં ૨૭ બેઠક જીતનારાં મહેબૂબાને આ વખતે ગણીને ૩ બેઠક મળી છે.

જમ્મુ અને કાશ્મીરનાં પરિણામો એ વાતનો સંકેત છે કે, જમ્મુ અને કાશ્મીરમાં ધર્મના આધારે વિભાજન વધી રહ્યું છે અને મુસ્લિમો ભાજપને સ્વીકારવા તૈયાર નથી. નરેન્દ્ર મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરીને જમ્મુ અને કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહમાં લાવવાની કોશિશ કરી એ પ્રસંશનીય છે. કલમ ૩૭૦ના કારણે જમ્મુ અને કાશ્મીર દેશનાં બીજાં રાજ્યોથી અલગ પડી જતું હતું. દેશના બીજાં લોકો જમ્મુ અને કાશ્મીર જઈ શકતાં નહોતાં. મોદી સરકારે આ ભેદભાવ દૂર કર્યો પણ કાશ્મીરની પ્રજાને એ નથી જોઈતું.

ભાજપ મુસ્લિમ વિરોધી છે અને હિંદુઓનો પક્ષ છે એ માન્યતા તેમના માનસમાં એ હદે ઘર કરી ગઈ છે કે, ભાજપને કાશ્મીર ખીણમાં ઘૂસવા દેવા પણ નથી માગતા. આ કટ્ટરવાદી માનસિકતા જમ્મુ અને કાશ્મીરને નુકસાન કરી રહી છે પણ લોકો સમજવા તૈયાર નથી તો આપણે શું કરી શકીએ? ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૧૦-૧૦-૨૦૨૪, સરસ્વતી પૂજન

- ભારતીય દિનાંક ૧૮, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ક્કો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૦ સુધી (તા. ૧૧મી), પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૮, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૪ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૧૦-૦૫, રાત્રે ક. ૨૧-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - સપ્તમી. સરસ્વતી પૂજન, સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં ક. ૧૪-૦૬, વાહન મહિષી, બુધ તુલામાં ક. ૧૧-૧૯, વિષ્ટિ ક. ૧૨-૩૨થી ૨૪-૨૫, આયંબિલ ઓળી અઠ્ઠાઈ પ્રારંભ. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આંબળાના ઔષધીય પ્રયોગો, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, વિદ્યારંભ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- નવરાત્રિ મહિમાઃ માં દુર્ગાની આઠમા મહાગૌરિ સ્વરૂપની પૂજાનો મહિમા છે. માં અંબા અને માં બહુચર બન્ને આપણી માં જ છે.શકિતનું આદ્ય સ્વરૂપ એટલે માં અંબા.જે મોટી બહેન છે,પર્વત પર બિરાજેલ છે. શકિતનું બાળ સ્વરુપ એટલે માં બહુચર, જે નાની બહેનનું સ્વરૂપ છે ,જે ચાચર ચોકમાં ધરતી પર નીચે બીરાજેલ છે. માં અંબા અને બહુચરની જોડી અનોખી છે.માં અંબા અભયપદ આપે છે,સંભાળે છે, રક્ષણ કરે છે, બહારનાં દુઃખો દૂર કરે છે. માં બહુચર બુદ્ધિ આપે છે,સાચવે છે, હસાવે છે, મનનાં દુઃખો દૂર કરે છે.માતાજીની સાધના કરવાથી ભક્તોના દુઃખદર્દ જોતાં જ તેમની કરુણાભીની આંખોનો ઝરો ઉભરાવા લાગે છે. દુઃખદર્દ, બિહામણા સ્વપ્નો દૂર કરીને શત્રુનાશ, જ્ઞાનપ્રાપ્તિ, ઐશ્વર્ય, આરોગ્ય સંપત્તિ, પુત્ર, મિત્ર, પત્ની, ભાતૃ સુખ આપીને છેવટે પરમસુખ મોક્ષ આપે છે. અને જીવનને આધિ, વ્યાધિ, ઉપાધિ રહીત બનાવે છે.આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ દઢ આત્મવિશ્વાસ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર-ગુરુ દંભી, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા,ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૧૧) સૂર્ય ચિત્રા નક્ષત્રમાં પ્રવેશ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી દક્ષિણે મહત્તમ ૫ અંશ ૧૭ કળાના અંતરે રહે છે. ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા/તુલા વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

કુરાન શરીફની રોશનીમાં સાતના આંકડાનું રહસ્ય

પવિત્ર કુરાન ઈલાહી કિતાબ છે, જે આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) પર નાઝિલ (આકાશવાણીથી) આવી છે. આ કિતાબના દરેક અલ્ફાઝ (શબ્દ) મહત્ત્વ તો ધરાવે છે જ, પણ તેની દરેક આયતમાં બોધ સમાયેલો છે. ઉદાહરણ રૂપે સાતનો આંક અને ઈસ્લામમાં તેના મહત્ત્વને કુરાન શરીફની રોશનીમાં જોવાથી સ્પષ્ટ થવા પામે છે.

હઝરત ઈમામ અબુન્નસ્ર મુહંમદ બિન અબ્દુર્રરહમાન હમદાનીનું લખેલું એક અત્યંત દુર્લભ અરબી પુસ્તક 'સબઈય્યહ' છે. તેનો ગુજરાતીમાં સરળ અર્થ 'સાતનો આંકડો' એવો થાય છે એ પુસ્તકમાં લેખકે સાતના આંકડા સાથે સંબંધિત દરેક દલીલને કુરાને પાકની આયતો (વાક્યો)થી સાબિત કરી છે. લેખકનું સંશોધન જોઈએઃ

* અલ્લાહતઆલાએ સાત આકાશ બનાવ્યા છે તેના શણગાર માટે સાત ગ્રહો બનાવ્યા છે. ધરતી પર સાત સમુદ્ર બનાવ્યા છે.

* જહન્નમમાં સાત ખંડ બનાવ્યા છે તેના નામ આ મુજબ છેઃ ૧ - જહન્નમ, ૨ - સઈર, ૩-સકર, ૪-જહીમ, ૫-હુતમાહ, ૬-લઝા અને ૭-હાવિયહ.

* અલ્લાહતઆલાએ જહન્નમના જુદા જુદા સાત દરવાજા બનાવ્યા છે.

* કુરાન શરીફ પઢવા માટે સાત કિરઅતો (શુદ્ધ ઉચ્ચાર) અદા કરવાની પદ્ધતિ) નક્કી છે.

* સૂરએ ફાતેહાની આયતો સાત છે.

* માનવીના સાત અવયવો મહત્ત્વના છેઃ બે હાથ, બે પગ, બે ઘૂંઠણ અને એક મોઢું (મોઢા પર આંખ, કાન, નાક વગેરે છે, તેનો સમાવેશ મોઢાના ભાગમાં આવી જાય છે)

* સાત અવયવોને સાત પ્રકારની ફરજ માટે નક્કી કર્યા છેઃ બંને હાથ દુઆ માટે, બંને પગ ખિદમત (સેવા) માટે બંને ઘૂંઠણ નમાઝમાં બેસવા માટે અને મોઢું સિજદા માટે.

* અલ્લાહતઆલાએ માનવીની ઉંમરને સાત વિભાગમાં વહેંચી નાખી છેઃ ૧- રઝીઅ (તરતનું જન્મેલ બાળક) ૨ - ફતમ (બે વરસનું ઘૂંટણીએ ચાલતું બાળ ક) ૩-સિબી (માતાનું ધાવણ છોડાવ્યું હોય તે બાળક) ૪-ગુલામ (કિશોર અવસ્થાનું બાળક), ૫-શાબ (યુવાન વ્યક્તિ) ૬-કહલ (આધેડ) ઉંમરની વ્યક્તિ અને ૭-શયખ (વૃદ્ધ ઉંમરની વ્યક્તિ)

* ઈમાનની બૈયત (સ્વીકાર) સાત શબ્દોથી મળી છે ઈલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રરસુલુલ્લાહ એટલે કે અલ્લાહ એક છે અને તેના રસુલ હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે. * અલ્લાહતઆલાએ ધરતીના સાત ખંડ બનાવ્યા છે, તેને 'હફ્ત ઈકલીમ' કહેવામાં આવે છે. તે જુદા જુદા ખંડોમાં જુદા જુદા દેશો અને વિસ્તારો આવી જાય છે.

* સાત દિવસો બનાવ્યા છે. તેમાં શનિવારને પયગંબર હઝરત મુસા અલયહિસ્સલામથી મહત્ત્વ મળ્યું. રવિવારને પયગંબર હઝરત ઈસા અલયહિસ્સલામથી, સોમવારને પયગંબર હઝરત દાવુદ અલયહિસ્સલામથી, મંગળવારને પયગંબર હઝરત સુલેમાન અલયહિસ્સલામથી, બુધવારને પયગંબર હઝરત યાકુબ અલયહિસ્સલામથી, ગુરુવારને પયગંબર હઝરત આદમ અલયહિસલામથી અને શુક્રવારના દિવસને પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તુફૈલ (કૃપાકારો)થી ફઝીલત (મહાનતા) મળી છે.

વ્હાલા વાચક મિત્રો! જેમ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે અઠવાડિયાનો પ્રથમ દિવસ સોમવાર (ખન્નક્ષમફ્ક) હોય છે અને વર્ષના શરૂઆતના પહેલા મહિનાને જાન્યુઆરી કહે છે તેમ ઈસ્લામી વર્ષનો પ્રથમ મહિનો મોહર્રમથી પ્રારંભ થાય છે અને અઠવાડિયાનો પ્રથમ દિવસ સનિચર એટલે શનિવારથી થાય છે. આ કોલમના જિજ્ઞાસુ વાચકોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે તે દિવસો અને મહિનાઓના નામો આ મુજબ છેઃ પ્રથમ બાર મહિનાના નામ જુઓઃ

૧ - મોહર્રમ, ૨ - સફર, ૩ - રબ્બીઉલ અવ્વલ, ૪ - રબ્બીઉલ આખીર, ૫ - જમાદીલ અવ્વલ, ૬ - જમાદીલ આખીર, ૭ - રજ્જબ, ૮ - શા'બાન, ૯ - રમઝાન, ૧૦ - શવ્વાલ, ૧૧ - ઝિલકદ્ર અને, ૧૨ - ઝિલહદ, એ જ પ્રમાણે અઠવાડિયાના સાત દિવસોના નામ આ મુજબ છેઃ

૧ - સનીચર - (શનિવાર), ૨ - ઇતવાર - (રવિવાર), ૩ - પિર - (સોમવાર), ૪ - મંગલ - (મંગળવાર), ૫ - બુધ - (બુધવાર), ૬ - જુમેરાત - (ગુરૂવાર) અને ૭ - જુમ્મા - (શુક્રવાર).

ઈસ્લામી મહિનાઓનો પ્રારંભ ચંદ્રદર્શન પર આધારિત છે અને દર વર્ષે તેની શરૂઆત અંગ્રેજી કેલેન્ડરની સરખામણીએ ૧૫ દિવસના તફાવતથી શરૂઆત થાય છે.

- ઈસ્લામ પ્રાકૃતિક ધર્મ છે.

* દુનિયામાં તે અમન (શાંતિ), ભાઈચારા અને સહિષ્ણુતાનો સંદેશ લઈને આવ્યો છે.

* આ સંદેશ અલ્લાહ તરફથી આવેલા દરેક સંદેશવાહકો (નબીઓ, પયગંબરો)એ તે સમય પ્રમાણે લોકોને આપ્યા.

* સૌથી છેલ્લે આવેલા પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ આખરી નબી છે અને આપ હુઝૂરે અનવર (સલ.) પર આવેલી ઈશ્વરિયવાણી કુરાન કરીમ પણ આખરી ઈલાહિ કિતાબ છે અને હવે પછી તેવી કોઈ કિતાબ આવવાની નથી. કુરાનમાં દીન-દુનિયાની કયામત સુધીની દોરણી ઉમ્મત (પ્રજા-અનુઓને આપી દેવામાં આવેલ છે. આમીન (તથાસ્તુ) ઈશ્વર-અલ્લાહ જીવમાત્રનું ભલું કરે).

* * *

દગાબાઝીનો દિવસ શનિવારઃ

પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબને ઈમાન લાવનારા કેટલાંક સાથી સંગાથીઓએ શનિવાર (સનીચર)ના દિવસ વિશે પૂછ્યું ત્યારે આપ હુઝૂરે અનવરે ફરમાવ્યું કે - શનિવાર મક્કારી (દગાબાઝી) અને બેવફાઈનો દિવસ છે.

- ફરી પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, તે કેવી રીતે?

- આપ હુઝૂરે ફરમાવ્યું કે - શનિવારે સાત પ્રકારની દગાબાઝીઓ - મક્કારીઓ અને બેવફાઈઓ થઈ છેઃ

૧- શનિવારના દિવસે જ હઝરત નૂહ અલયહિસ્સલામને તેમની કૌમે દગો દીધો. તે જ કારણે અલ્લાહનો અઝાબ પાણીના પ્રચંડ તોફાન સ્વરૂપે આવ્યો. તમામ દગાબાઝો તેમાં ડૂબી ગયા.

૨- શનિવારના દિવસે હઝરત સાલેહ અલયહિસ્સલામને તેમની કોમે તેમની સાથે બેવફાઈ કરી હતી. અલ્લાહતઆલાએ અઝાબ મોકલીને તે કૌમને ખત્મ કરી નાખી.

૩- શનિવારે જ, હઝરત યુસુફ અલયહિસ્સલામના ભાઈઓએ તેમની સાથે દગાબાઝી કરી હતી, જેથી આપને ઘણું સહન કરવું પડ્યું હતું. છેવટે તે ભાઈઓ ઝલીબ (હડધૂત) અને રૂસ્વા (અપમાનિત) થયા હતા.

૪- શનિવારના દિવસે જ, હઝરત મુસા અલયહિસ્સલામ જોડે તેમની કૌમે મક્કારી (છેતરામણી) કરી હતી. તે કારણે યહૂદી કૌમને (બની ઈસરાઈલને) અસહ્ય યાતનાઓ સહેવી પડી હતી.

૫- શનિવારે જ, હઝરત ઈસા અલયહિસ્સલામની કૌમે તેમની સાથે અન્યાય શરૂ કર્યો, પરિણામે તે ઝાલિમોને અલ્લાહતઆલાએ ઘણા જ અપમાનિત અને ઝલીલ કર્યા હતા.

૬- બની ઈસરાઈલની કૌમે, પોતાના નબીની નાફરમાની કરીને, માછલાં મારવાના દિવસ તરીકે શનિવાર નક્કી કર્યો, તેથી તે કૌમ આફતમાં ફસાઈ પડી, અને

૭- શનિવારના દિવસે જ, મક્કાના કુરેશીઓએ 'દારૂલ નદવાહ' નામના સ્થળે ભેગા મળીને મુસલમાનો અને ઈસ્લામ વિરુદ્ધ કાવતરાં કર્યાં હતા. પરિણામે તે કાવતરાના બધા આયોજકો ક્રમેક્રમે અલ્લાહના અઝાબમાં ગિરફતાર થયા હતા.

* * *

સાપ્તાહિક સંદેશઃ

* રાતભર કા હૈ મહેમાં અંધેરા
કિસ કે રોકે રુકા હૈ સવેરા.
* રાત જીતની ભી સંગીન હોગી,
સુબ્હા ઉતની હી રંગીન હોગી.
('સંગીન': તંગ, દુઃખદ. 'રંગીન': નિરાંત, સુખદ) ■

પહેલા પાનાનું ચાલુ

૪૫ દવા

બજારમાંથી લગભગ ૨૦૦૦થી વધુ નમૂનાઓનું પરીક્ષણ કરે છે અને તેમાંથી ''લગભગ ૪૦-૫૦ નમૂનાઓ એક અથવા વધુ માપદંડો પર નિષ્ફળ જાય છે, જે ખૂબ જ સામાન્ય માપદંડ હોઈ શકે છે''. ''આમાંથી કોઈ પણ સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરતી નથી અને અમે અમારા પોર્ટલ પર તેના વિશે માહિતી આપીએ છીએ.''

તાજેતરના સમાચારોનો ઉલ્લેખ કરતા રઘુવંશીએ કહ્યું હતું કે, ''એવું કહેવામાં આવી રહ્યું છે કે ૫૦ નકલી દવાઓ હતી જેના પર અમે પ્રતિબંધ મૂક્યો હતો. આ સંપૂર્ણપણે ખોટું છે. તેઓ નકલી દવાઓ નહોતી અને તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો નથી. તેને ફક્ત અધિસૂચિત કરાઇ હતી કે તે પ્રમાણભૂત ગુણવત્તાવાળી દવાઓ નથી.''

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સીડીએસસીઓની તાજેતરના નોટિફિકેશન પછી શું પગલાં લેવામાં આવ્યાં. જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે અમે આ બધી દવાઓ પાછી ખેંચવાનો આદેશ આપ્યો છે. તેથી જે દિવસે અમને દવાઓની ગુણવત્તાના ધોરણોને અનુરૂપ ન હોવાની માહિતી મળી ઉત્પાદકોને દવાઓ પાછી લેવાનું કહેવામાં આવ્યું હતું.

''અમે નકલી ઉત્પાદનોની ઓળખ કરી છે અને તે વેચનારાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે, જ્યાંથી અમે નમૂનાઓ લીધા હતા, અને પછી અમે સમગ્ર સપ્લાય ચેઇનને શોધી કાઢીએ છીએ.''

નોંધનીય છે કે ગયા મહિને એન્ટાસિડ્સ અને પેરાસિટામોલ સહિતની ૫૦થી વધુ દવાઓનો ભારતમાં વેચાતી સબસ્ટાન્ડર્ડ અથવા નકલી દવાઓની સીડીએસસીઓની માસિક યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ■

ગુજરાતમાં

આવ્યો છે અને યોજનાના પ્રથમ તબક્કાના નિર્માણનું કામ ટાટા પ્રોજેક્ટ્સ લિ.ને સોંપવામાં આવ્યું છે. વિવિધ તબક્કામાં આ યોજનાને આગળ વધારવામાં આવશે. પ્રથમ તબક્કામાં છ ગેલેરી સાથેનું એનએચએમસી મ્યુઝિયમ તૈયાર કરવામાં આવશે જેમાં ઈન્ડિયન નેવી અને કોસ્ટ ગાર્ડ ગેલેરીનો પણ સમાવેશ થશે. દેશનું આ સૌથી મોટું મ્યુઝિયમ હશે એમ માનવામાં આવે છે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં કિનારા વિસ્તારમાં આવેલાં રાજ્યોમાં પેવેલિયન, હૉસ્પિટાલિટી ઝોન, રિક્રિયેશન ઑફ રિયલ ટાઈમ લોથલ સિટી, મૅરિટાઈમ ઈન્સ્ટિટ્યૂટ, હોસ્ટેલ અને જુદા જુદા ચાર થીમ આધારિત પાર્ક તૈયાર કરવામાં આવશે. (એજન્સી) ■

યુપીઆઈ લાઈટ

તેમણે રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ (આરટીજીએસ) અને નેશનલ ઈકોનોમિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી) માટે લાભાર્થીના ખાતા અને નામની ચકાસણી કરવા લૂક-અપ ફેસિલિટીની જાહેરાત કરી હતી. આ સિસ્ટમ ગ્રાહકને આરટીજીએસ કે એનઈએફટી મારફતે ફંડ ટ્રાન્સફર કરતાં પહેલાં લાભાર્થીના નામની ચકાસણી કરવાની સુવિધા પૂરી પાડે છે, એમ તેમણે કહ્યું હતું. આ સુવિધા સિસ્ટમ પરત્વેનો ગ્રાહકોને વિશ્વાસ વધારશે અને ખોટા ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થવાનું તેમ જ છેતરપિંડીનું પ્રમાણ ઘટાડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

ત્રણ વિજ્ઞાનીને

અને જેફ્રી હિલ્ટને ટોરન્ટો યુનિવર્સિટીમાં સંશોધન કર્યું હતું.

ગયા વર્ષે ત્રણ ભૌતિકશાસ્ત્રીને અણુની નાભિને ફરતે ભ્રમણ કરતા ઇલેક્ટ્રોન્સ અંગેના સંશોધન બદલ નોબલ પારિતોષિક અપાયું હતું. અમેરિકાના વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકનને મેડિસિન માટે નોબેલ પારિતોષિક આપવાની સોમવારે જાહેરાત કરાઇ હતી. ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતાને ૧.૧ કરોડ સ્વિડિશ ક્રોનોર (અંદાજે દસ લાખ ડૉલર) અપાય છે. સાહિત્ય માટેના અવૉર્ડ વિજેતાનું ગુરુવારે જાહેર કરાશે. શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતાનું નામ શુક્રવારે અને અર્થશાસ્ત્ર માટેના પારિતોષિક વિજેતાનું નામ ૧૪ ઑક્ટોબરે જાહેર કરાશે. (એજન્સી) ■

વ્યાજદર

૬.૭ ટકા થયો હતો.

સપ્ટેમ્બરમાં સતત બીજે મહિને વાર્ષિક ફુગાવાનો દર ઘટીને આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યથી પણ નીચે આવી ગયો હતો અને બેઝ ઈફેક્ટને કારણે આ મહિને આરબીઆઈની અપેક્ષા મુજબ તે ફરી ઊપર ઉછળશે. દાસે કહ્યું હતું કે ફુગાવા અને આર્થિક વિકાસદરની સ્થિતિ વચ્ચેના અપેક્ષિત સંતુલનની પ્રવર્તમાન સ્થિતિએ નાણાંકીય નીતિમાં ફેરફાર કરવાની પરિસ્થિતિ નિર્માણ કરી છે. ■

આરબીઆઈની સમીક્ષા

વિકાસદર અનુક્રમે ૭.૦, ૭.૪ અને ૭.૪ પ્રોજેક્ટેડ ટકા રખાયો. ૭) વર્ષ ૨૦૨૫ના નાણાકીય વર્ષ માટે ફુગાવાનો દર ૪.૫ ટકા જાળવી રખાયો. ૮) યુપીઆઈ લાઈટ વૉલેટની મર્યાદા વધારીને રૂ. ૫,૦૦૦ તેમ જ પ્રતિ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂ. ૫૦૦થી વધારીને રૂ. ૧,૦૦૦ કરવામાં આવી. ૯) એમપીસીની આગામી બેઠક ચારથી છ ડિસેમ્બર દરમિયાન યોજાશે. (એજન્સી) ■

મહારાષ્ટ્રમાં

માટે ઉદીપકનું કામ કરશે.

શિરડી એરપોર્ટમાં નવું ઈન્ટીગ્રેટેડ ટર્મિનલ મકાન રૂ. ૬૪૫ કરોડ રૂપિયાના ખર્ચે બંધાશે. આ મકાન શીરડી આવતાં શ્રદ્ધાળુને વિશ્વ કક્ષાની સુવિધા આપશે. આના બાંધકામનો થીમ સાઈબાબાના ધાર્મિક